GPSC 1 & 2, Dy.SO, નાયબ મામલતદાર, STI, PI, ACF, RFO, એકાઉન્ટ્સ ઑફિસર, CCE, PSI વગેરે જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની મુખ્ય પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક

LATEST EDITION

# ગુજરાતી મુખ્ય પરીક્ષા

## વર્ણનાત્મક

DEMO COPY

ભાષાંતર

વિચાર વિસ્તાર

સંવાદ કૌશલ્ય



સંક્ષેપીકરણ

અહેવાલ લેખન

ગદ્યસમીક્ષા/ ગદ્યાર્થગ્રહણ

દશ્ય આલેખન

ઔપચારિક ભાષણો તૈયાર કરવા

ચર્ચાપત્ર

પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા

પત્ર લેખન


સંપાદક
મૌલિક ગોંધિયા



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુજરાતી મુખ્ય પરીક્ષા

## વર્ણનાત્મક

| ક્રમ | ટોપિક | ઉદાહરણ | પ્રેક્ટિસ માટે પ્રશ્નો | કુલ |
|---|---|---|---|---|
| 1. | નિબંધ | 31 | 99 | 130 |
| 2. | વિચાર વિસ્તાર | 29 | 63 | 92 |
| 3. | સંક્ષેપીકરણ | 10 | 25 | 35 |
| 4. | ગદ્યસમીક્ષા/ગદ્યાર્થગ્રહણ | 10 | 21 | 31 |
| 5. | અહેવાલ લેખન | 18 | 21 | 39 |
| 6. | ઔપચારિક ભાષણો તૈયાર કરવા | 16 | 28 | 44 |
| 7. | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયાર કરવા | 10 | 26 | 36 |
| 8. | પત્ર લેખન | 15 | 29 | 44 |
| 9. | ચર્ચાપત્ર | 9 | 10 | 19 |
| 10. | દૃશ્ય આલેખન | 15 | 28 | 43 |
| 11. | સંવાદ કૌશલ્ય | 10 | 15 | 25 |
| 12. | ભાષાંતર | 12 | 27 | 39 |

DEMO COPY

: પ્રકાશક :

ICE

INSTITUTE FOR COMPETITIVE EXAMS

SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001. CALL : 9375701110 / 9328001110

**પુસ્તકનું નામ : ગુજરાતી મુખ્ય પરીક્ષા વર્ણનાત્મક**

**સંપાદક** : મૌલિક ગોંધિયા (Director - ICE)

**કિંમત** : ₹540/-

**પ્રકાશક** : ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

Shree Sadguru Shopping Centre
$2^{nd}$ Floor, Nr. Akshar Mandir,
Opp. Tirupati Petrol Pump
Kalawad Road, Rajkot-360001

DEMO COPY

© All rights are reserved by the publishers.

No part of this publication may be reproduced or distributed in any form or by any means, electronic, mechanical, photocopying, recording, or otherwise or stored in a database or retrieval system without the prior written permission of the publisher.

**Disclaimer**

Information contained in this work has been obtained by the publisher, from various sources that are believed to be reliable. However, neither the publisher nor its authors guarantee the accuracy or completeness of any information nor its authors shall be liable for any errors, omissions or damages arising out of use of this information.This work is published with the understanding that the publisher and its authors are supplying information but are not attempting to render any professional services. If such services are required, the assistance of an appropriate professional should be sought. Only the courts of Rajkot shall have the jurisdiction for any legal dispute.

ખાસ નોંધ : આ પુસ્તકમાં આપવામાં આવેલી તમામ માહિતી સાચી અને ઓથેન્ટિક હોય એ માટે અમે પૂરતી કાળજી રાખી છે. તેમ છતાં પ્રિન્ટિંગ, મુદ્રણ, માનવીય ભૂલ કે પછી કોઈ અગમ્ય કારણોસર તેમાં કોઈ ભૂલ કે ક્ષતિ રહી ગઈ હોય તો એ માટે સંપાદક, પ્રકાશક કે તેના કોઈ કર્મચારીઓ જવાબદાર રહેશે નહિ. આ ઉપરાંત આ પુસ્તકમાં દરેક વ્યક્તિ, જાતિ, જ્ઞાતિ, સમાજ કે ધર્મનું માન-સન્માન જળવાઈ રહે એની પણ પૂરતી કાળજી રાખવામાં આવી છે. તેમ છતાં એમાં કોઈ ભૂલ-ચૂક થઈ હોય તો એ અંગે ક્ષમા પ્રાર્થીએ છીએ.

# પ્રસ્તાવના

ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રિલિમ્સ પરીક્ષામાં સફળ થયા બાદ મુખ્ય પરીક્ષામાં જે તે વિષયના પેપરમાં એક એક માર્ક્સનું વિશેષ મહત્ત્વ હોય છે. આ સંજોગોમાં જે તે સ્પર્ધાત્મક પરીક્ષામાં નિશ્ચિત સફળતા માટે ગુજરાતી ભાષાના પેપરમાં હાઈસ્કોર કરવો ફક્ત આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય શરત બની જાય છે.

આથી, વિદ્યાર્થીઓની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ICE દ્વારા ગુજરાતી ભાષાનું આ વર્ણનાત્મક પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકની મુખ્ય વિશેષતા એ છે કે, આ એક જ પુસ્તક ગુજરાત સરકારની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી છે અને તેમાં પરીક્ષામાં પૂછાઈ શકે તેવા સંભવિત નિબંધ, પત્ર, અહેવાલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિબંધ, વિચાર વિસ્તાર, સંક્ષેપ, ગદ્યસમીક્ષા, ઔપચારિક ભાષણો, [illegible] માધ્યમો માટે નિવેદન, પત્ર લેખન, ચર્ચાપત્ર, દશ્ય આલેખન, અહેવાલ, સંવાદ, ભાષાંતર એમ તમામ ટોપિકમાં હાઈસ્કોર કરવા માટે કઈ–કઈ બાબતો ધ્યાનમાં રાખવી તેની [illegible] માહિતી આપવામાં આવી છે. વર્ણનાત્મક પરીક્ષામાં હાઈસ્કોર કરવા માટે પ્રેક્ટિસ ખૂબ જ અગત્યની છે. આથી, વિદ્યાર્થી મિત્રો સિલેબસના તમામ ટોપિકની જાતે જ પ્રેક્ટિસ કરી શકે તે માટે આ પુસ્તકમાં અગાઉની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

DEMO COPY

અંતે, આગામી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સર્વે વિદ્યાર્થી મિત્રોને આ પુસ્તક અત્યંત ઉપયોગી થશે એ જ આશા સાથે.......

**All The Best.........**
**Do Your Best.........**

*Mavlik Gondhiya*

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
રોમે રોમમાં સફળતાને ઝંખતા
અને
સફળતાના સ્વપ્નને સાકાર કરવાનો
દ્રઢ ઈરાદો ધરાવતા
તથા
એ માટે પ્રચંડ પુરુષાર્થ કરનાર
વીર વિદ્યાર્થીમિત્રોને

DEMO COPY

અર્પિત



# INDEX


| | | |
|---|---|---|
| 1 | નિબંધ | 1 |
| 2 | વિચાર વિસ્તાર | 53 |
| 3 | સંક્ષેપીકરણ | 82 |
| 4 | ગદ્યસમીક્ષા/ગદ્યાર્થગ્રહણ | 103 |
| 5 | ઔપચારિક ભાષણો તૈયાર કરવા | 133 |
| 6 | પ્રચાર માધ્યમો માટે નિવેદન તૈયાર કરવા | 157 |
| 7 | પત્ર લેખન | 181 |
| 8 | ચર્ચાપત્ર | 198 |
| 9 | દૃશ્ય આલેખન | 221 |
| 10 | અહેવાલ લેખન | 234 |
| 11 | સંવાદ કૌશલ્ય | 254 |
| 12 | ભાષાંતર | 265 |


DEMO COPY

## ભાષાને શું વળગે ભૂર,
## જે
## રણમાં જીતે તે શૂર

—અખા ભગત




જે તે ભાષામાં તમે કેટલા માહેર છો

તે અગત્યનું નથી..........

પરંતુ જે તે ભાષાના પેપરમાં

તમે કેટલા વધુ માર્ક્સ લઈ આવો છો

તે અગત્યનું છે.

# 01

# નિબંધ (Essay)

**(આશરે 250થી 300 કે 350 શબ્દો) (15, 20 કે 30 માર્ક્સ)**

ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની મુખ્ય પરીક્ષામાં સામાન્ય રીતે 15, 20 કે 30 માર્ક્સનો નિબંધ પૂછવામાં આવે છે. જે તમારે આશરે 250થી 300 શબ્દોમાં કે પછી આશરે 350 શબ્દોમાં લખવાનો હોય છે. કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં હાઈસ્કોર કરવા માટે નિબંધ એ સૌથી અગત્યનો ટોપિક છે. કારણ કે, સામાન્ય રીતે અન્ય ટોપિક કરતા તેના માર્ક્સ સૌથી વધારે હોય છે.

## ✤ નિબંધમાં હાઈસ્કોર કરવા માટે બે રીતે તૈયારી કરી શકાય :

1. **પ્લાન A :** તમે પરીક્ષા આપવા જાવ એ પહેલા જ, ઘરેથી જ, તમે જાતે લખીને તૈયાર કરેલા અથવા તો શ્રેષ્ઠ ક્વોલિટીના અન્ય પરીક્ષાલક્ષી અગત્યના મેક્સિમમ (5, 10, 15, 20, 25, 50, 100, 150, 200 ....) નિબંધ તૈયાર કરીને જાવ અને સંજોગોવશાત એમાંથી જ જો કોઈ નિબંધ પરીક્ષામાં પૂછાય તો ..... એને બેઠો જ લખીને આવી જાવ. નિબંધમાં હાઈસ્કોર કરતા તમને કોઈ નહિ રોકી શકે. અને શરત ફક્ત એટલી જ છે કે, તમે તૈયાર કરેલો નિબંધ ક્વોલિટીવાળો, પરીક્ષામાં હાઈસ્કોર અપાવે એવો હોવો જોઈએ.

2. **પ્લાન B :** સંજોગોવશાત તમે તૈયાર કરેલા નિબંધમાંથી જો કોઈ નિબંધ પરીક્ષામાં ન પૂછાય તો....... કોઈપણ વિષય ઉપર એક સારો નિબંધ કઈ રીતે લખવો તેની તમે પહેલેથી જ પ્રેક્ટિસ કરેલી હોવી જોઈએ. પરીક્ષામાં જો કોઈ અણધાર્યા, અજાણ્યા વિષય પર નિબંધ લખવાનો આવે તો પણ તમે પહેલેથી જ તૈયાર હોવા જોઈએ.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ✤ નિબંધ લેખન અંગે અગત્યની માહિતી

### 1. નિબંધનો પ્રારંભ

- ➤ કોઈપણ નિબંધમાં સૌથી વધુ માર્ક્સ મેળવવા માટે નિબંધનું સૌથી અગત્યનું જો કોઈ અંગ હોય તો તે નિબંધનો પ્રારંભ છે.
- ➤ નિબંધના પ્રારંભના પહેલા પેરેગ્રાફ પરથી જ તમારા નિબંધના 50 ટકા માર્ક્સ નક્કી થઈ જાય છે.
- ➤ નિબંધનો પ્રારંભનો પહેલો પેરેગ્રાફ ખૂબ જ ધારદાર, ચોટદાર અને બ્રોડ હોવો જોઈએ.
- ➤ નિબંધના પહેલા પેરેગ્રાફમાં તમારા સમગ્ર નિબંધનો સાર, ખાસ કરીને તમારું વિઝન ટૂંકમાં રજૂ થઈ જવું જોઈએ.

### 2. નિબંધનો મધ્ય ભાગ

- ➤ નિબંધના મધ્યભાગમાં નિબંધની પ્રસ્તાવનામાં રજૂ થયેલા વિચારોનો ક્રમબદ્ધ વિકાસ કરીને ધીરે ધીરે તેના અંત તરફ આગળ વધવાનું હોય છે.
- ➤ જો તમારા નિબંધની પ્રસ્તાવના સારી હશે તો જ પેપર ચેક કરનાર તમારા નિબંધનો મધ્યભાગ ધ્યાનથી વાંચશે, નહિ તો ઉપર ઉપરથી ચેક કરીને એવરેજ અથવા તો એવરેજ કરતા ઓછા માર્ક્સ આપી દેશે.

**નિબંધમાં ભાષાકીય ભૂલો કેવી રીતે સુધારી શકાય ?**

➤ નિબંધમાં અથવા તો તમારા લખાણમાં ભાષાકીય ભૂલો સુધારવાનો સૌથી સરળ રસ્તો.... એ છે કે તમારા નિબંધો નિયમિત રીતે ગુજરાતી ભાષાના નિષ્ણાત પાસે ચેક કરાવતા રહો.

### 7. પસંદ કરેલ વિષયનું જ્ઞાન

➤ નિબંધમાં નિબંધ લેખન માટે તમે પસંદ કરેલા વિષયનું જ્ઞાન રજૂ થવું જોઈએ, અજ્ઞાન નહિ.

➤ તમને જે વિષયનું સૌથી વધુ નોલેજ હોય એ વિષયને જ નિબંધ લેખન માટે પસંદ કરો.

➤ તમને જે વિષયમાં રસ–રૂચિ હોય એ વિષયને જ નિબંધ લેખન માટે પસંદ કરો.

➤ નિબંધમાં રજૂ થયેલું તમારું જ્ઞાન–તમારા વિચાર–તમારું મૂલ્યાંકન સચોટ અને વ્યાવહારિક તથા વાસ્તવિક હોવું જોઈએ.

## નિબંધનું માળખું

..........................................પ્રસ્તાવના..............................................

..............................................................................................

..........................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................મધ્યભાગ..............................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..........................................અંત..............................................

..............................................................................................

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ✤ સ્પર્ધાત્મક પરીક્ષામાં કયા વિષયો અંગે નિબંધો પૂછાઈ શકે છે ?

➤ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં સામાન્ય રીતે નીચેના વિષયો અંગેના નિબંધો પૂછાઈ શકે છે :

**1. સામાજિક - સાંસ્કૃતિક બાબતો** **પા.નં.**

ઉદાહરણ : (i) આપણા યુવાધનને ડ્રગ્સના દૂષણથી બચાવીએ ........06
(ii) વન નેશન વન રેશન કાર્ડ : ભારતના ગરીબ વર્ગને ખાદ્ય સુરક્ષા માટેનો પાસપોર્ટ ........08
(iii) ભારત વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ : વસતી વધારો અભિશાપ કે આશીર્વાદ ........08
(iv) નારી શક્તિ વંદન અધિનિયમ : કેન્દ્ર સરકારનું વિરાટ પગલું ........10

## 2. આર્થિક બાબતો


ઉદાહરણ : (i) ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા : પડકારો અને અવસરો ....... 12

(ii) રાષ્ટ્રનું સાચું સુખ 'આત્મનિર્ભરતા'માં જ ....... 14

(iii) ખાદ્ય સુરક્ષામાં સંપૂર્ણ આત્મનિર્ભર બનીએ ....... 15

(iv) ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી જ ભારતના વિકાસની બુલેટ ટ્રેન દોડશે !!! ....... 16


## 3. રાજનીતિ-ગવર્નન્સ અંગેની બાબતો


ઉદાહરણ : (i) એક રાષ્ટ્ર એક ચૂંટણી : અમલ અને લાભાલાભ ....... 18

(ii) ભારત માટે સમાન નાગરિક ધારો સમયની માંગ ....... 19

(iii) IPC, CrPC અને Evidence Actને સ્થાને ત્રણ નવા એક્ટ : સમયની માંગ ....... 21

(iv) ભારતીય ન્યાયતંત્રમાં સંકટ : ઉપાયો અને પડકારો ....... 22


## 4. વિજ્ઞાન અને ટેક્નોલોજી અંગેની બાબતો


ઉદાહરણ : (i) ડિજિટલ ઈકોનોમી અને સાયબર ક્રાઈમ : ફાયદા, પ્રશ્નો અને પડકારો ....... 24

(ii) વિશ્વની અંતરિક્ષ યાત્રામાં ભારતની નિર્ણાયક ભૂમિકા ....... 25

(iii) ડીપફેક : નકલી વીડિયોનો અસલી ખતરો ....... 27

(iv) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) : લાભાલાભ ....... 28

(v) આયુર્વેદની આડમાં નશાબોરી – એક [illegible] ....... 30


## 5. પર્યાવરણ - ભૌગોલિક બાબતો


ઉદાહરણ : (i) દિલ્હીમાં વાયુ પ્રદૂષણ : એક ગંભીર સંકટ ....... 31

(ii) સૃષ્ટિનું નાજુક પર્યાવરણ : કવચ તૂટે તે પહેલાં ચેતી જઈએ ....... 32

(iii) હિમાલયમાં પ્રાકૃતિક આફતોનું વધતું જોખમ ....... 33

(iv) વરસાદના એક એક ટીંપે જળ સંચય થાય તો ક્યારેય પાણીની ખેંચ ન પડે !!! ....... 34


## 6. નાગરિક જાગૃતતા - ચિંતનાત્મક બાબતો


ઉદાહરણ : (i) સોશિયલ મીડિયાનો ઉપયોગ યોગ્ય રીતે જ થવો જોઈએ ....... 35

(ii) આપત્તિ વ્યવસ્થાપન : આપણે 'સ્વ' અને 'તંત્ર' બંનેને જાગૃત કરીએ ....... 36

(iii) સ્કૂલોમાં અપાતું ભગવદ્ગીતાનું શિક્ષણ શું ધાર્મિક શિક્ષણ નથી ??? ....... 37


## 7. આંતરરાષ્ટ્રીય - વૈશ્વિક બાબતો


ઉદાહરણ : (i) શું વર્તમાન વિશ્વ ત્રીજા વિશ્વ યુદ્ધની કગાર પર ઉભું છે ??? ....... 40

(ii) વર્તમાન વૈશ્વિક સ્થિતિમાં ગાંધી વિચારની પ્રાસંગિકતા ....... 41


DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8. વર્તમાન પ્રવાહો / કરંટ અફેર્સ**

ઉદાહરણ : (i) G-20ની સફળતાથી વિશ્વમાં ભારતનો ડંકો ....43
(ii) ગુજરાતમાં વિકાસની વાયબ્રન્ટ પ્રતીતિ ! ....44
(iii) સંરક્ષણ ક્ષેત્રે ભારતની નિકાસની સિદ્ધિ ....45
(iv) ભારત વિશ્વનું સૌથી જીવંત, સક્રિય અને પ્રભાવી લોકતંત્ર ....46
(v) શું ભારતમાં લોકશાહી ખતરામાં છે ? ....48

## નિબંધ

## 1. આપણા યુવાધનને ડ્રગ્સના દૂષણથી બચાવીએ

**અથવા**

**દેશના યુવાનોને ડ્રગ્સના દૂષણથી બરબાદ થતો અટકાવવા સામેના પડકારો**

**અથવા**

**વિકસિત ભારતનો યુવાન ડ્રગ્સ એડિક્ટ તો ન જ હોવો જોઈએ !!!**

**અથવા**

**નશો નાશનું મૂળ.... ઊંડા જતા મૂળિયા, દેશને પડકાર આપતું શૂળ**

**અથવા**

**યુવાવર્ગમાં વધતી જતી વ્યસન પ્રવૃત્તિ : ચિંતા અને ચિંતન**

આપણે ત્યાં શ્રીમદ્ ભાગવત કથા, રામકથા, ભજન, સંતવાણી, લોક ડાયરો વગેરે જેવા જાહેર કાર્યક્રમોમાં એક વિનંતી વારંવાર કરવામાં આવે છે :

**'બહેનો ફેશનનો મોહ છોડે અને**
**ભાઈઓ વ્યસન છોડે'**

આમ છતાં ફેશન પાછળ થતા ખોટા ખર્ચ કે વ્યસનના દૂષણમાં ઘટાડો જોવા મળતો નથી. એમાંય વ્યસનની વાત કરીએ તો યુવાનોમાં નશો પાન–મસાલા, ગુટખા, માવો – ફાકી, બીડી–સિગારેટ કે દારૂથી આગળ વધીને ગાંજો, ભાંગ, હેરોઈન, કોકેઈન, ચરસ, સ્મેક અને ડ્રગ્સ સુધી પહોંચ્યો છે. ભારતમાં અગાઉ માત્ર પંજાબ જેવા કેટલાંક રાજ્યોમાં જ ફેલાયેલું આ દૂષણ હવે દેશના ખૂણે – ખૂણે ફેલાયેલું છે. ભારતમાં છેલ્લા કેટલાક સમયમાં મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર અને મિઝોરમમાંથી 500 કરોડથી રૂ.6000 કરોડ સુધીનું ડ્રગ્સ જપ્ત થયું છે. ગુજરાતમાં કચ્છ, મુંદ્રા, સુરત, મોરબી, દ્વારકા, અમદાવાદ એરપોર્ટ, હિંમતનગર અને પોરબંદરથીયે હજારો કિલો ડ્રગ્સ પકડાયું છે.

વાસ્તવમાં ભારતના યુવાનોને ડ્રગ્સના રવાડે ચડાવી બરબાદ કરવાનો અને વેપાર પણ કરી લેવાનો આ નવો આતંકવાદ છે. ડ્રગ્સનો વૈશ્વિક વેપાર 400 બિલિયન ડોલરનો છે. તેમને ભારતમાં મોટું માર્કેટ દેખાતાં અનેક પેડલરો અહીં સુધી આવીને સ્લિપર સેલની જેમ કાર્ય કરી રહ્યા છે. ડ્રગ્સ મુખ્યત્વે અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈરાન અને દુબઈ થઈને ભારતમાં આવે છે. આ દેશોમાં અફીણની ખેતી થાય

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**"માણસ એટલે ગુણ અવગુણનું પૂતળું. માણસ એટલે દેવથી દાનવ સુધીની, રામથી રાવણ સુધીની અને કૃષ્ણથી કંસ સુધીની તમામ શક્યતા.....!!! જે ગ્રંથ માણસને અવગુણમાંથી મુક્ત કરી ગુણવાન બનાવવાની ક્ષમતા ધરાવતો હોય, જે ગ્રંથ માણસને દાનવમાંથી દેવ, રાવણમાંથી રામ અને કંસમાંથી કૃષ્ણ બનાવવાની ક્ષમતા ધરાવતો હોય, જે ગ્રંથ માણસને દુઃખ, ચિંતા અને અશાંતિમાંથી મુકત કરી સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવતો હોય.... એ ગ્રંથ કદાચ ધાર્મિક ગ્રંથ હોય તો પણ, પોતાના દેશના બાળકને એ ગ્રંથનું શિક્ષણ આપતા......... વિશ્વના કોઈપણ બિનસાંપ્રદાયિક દેશનું બંધારણ રોકી ન શકે ....!!!**

શ્રીમદ્ભગવદ્ગીતા આવો જ એક ગ્રંથ છે.

---

## 25. 'જંગ રસિયા'ઓ દુનિયાને ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ તો નહીં ધકેલી દે ને ?

**અથવા**

## રશિયા-યુક્રેન તથા હમાસ વિરુદ્ધ ઈઝરાયેલનો સંઘર્ષ ત્રીજા વિશ્વ યુદ્ધની શરૂઆત

**અથવા**

## શું વર્તમાન વિશ્વ ત્રીજા વિશ્વ યુદ્ધની કગાર પર ઉભું છે ?

---

ઈઝરાયેલ હમાસ વચ્ચેના યુદ્ધને વિશેષજ્ઞો વિશ્વ માટે ખ[illegible]ણાવી રહ્યા છે. અને ચેતવણી આપી રહ્યા છે કે, હાલ વિશ્વના અનેક દેશો વચ્ચે જે પ્રકારની તંગદીલી ચાલી રહી છે તે [illegible]માં ગમે તે ઘડીએ વિશ્વયુદ્ધ ફાટી નીકળી શકે છે. હાલ વિશ્વના ત્રણ અલગ–અલગ વિસ્તારમાં યુદ્ધો ચાલી રહ્યા છે :

1. ઈઝરાયેલ – પેલેસ્ટાઈન
2. રશિયા–યુક્રેન અને
3. અજરબૈજાન–આર્મેનિયા

આ ઉપરાંત યમનના હુથી અને અમેરિકા તથા અન્ય દેશો વચ્ચે તેમજ ઈરાનનો ઈઝરાયેલ સહિત અન્ય દેશો સાથે સંઘર્ષ ચાલી રહ્યો છે. તો સીરિયા અને સુદાનમાં પણ ગૃહયુદ્ધ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. એટલું જ નહીં હવે નાના નાના વિવાદોમાં પણ વિશ્વની મહાસત્તાઓ દખલ દેવા માંડી છે. ઈઝરાયેલ–પેલેસ્ટાઈન મુદ્દે અમેરિકા, બ્રિટન, ચીન, રશિયા, ઈરાન જેવા દેશો પોતપોતાના સમર્થક દેશોના સમર્થનમાં દેકારા પડકારા કરી રહ્યા છે.

છેલ્લા બે વર્ષથી વધુ સમયથી રશિયા અને યુક્રેન યુદ્ધ ચાલી રહયું છે. યુક્રેનને અમેરિકા સહિત નાટો દેશોનું સમર્થન છે. અને તેઓ યુક્રેનને આર્થિક તેમજ સૈન્ય મદદ કરી રહ્યા છે. પરિણામે અનેક પ્રયાસો છતાં રશિયા આ યુદ્ધમાં ફાવી શક્યું નથી. તેથી રશિયા ગમે તે ઘડીએ કાંઈક મોટું કરી શકે છે.

બીજી તરફ અજરબૈજાન અને આર્મેનિયા વચ્ચે પાછલા પાંચ વર્ષોમાં ત્રણ વખત યુદ્ધ થઈ ચૂક્યા છે. વર્ષ 2022માં એ બંને વચ્ચે એક અઠવાડિયા સુધી યુદ્ધ ચાલ્યું હતું. આ યુદ્ધમાં ઈઝરાયેલ, પાકિસ્તાન અને રશિયા જેવા દેશો આમને–સામને આવી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી ફરી એક વખત અજરબૈજાન અને આર્મેનિયા વચ્ચે તનાતની વધી છે. તો ચીન–તાઈવાન, ચીન–ભારત અને ઉત્તર કોરિયા–

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

દક્ષિણ કોરિયા વચ્ચે પણ ગમે ત્યારે સ્થિતિ વણસી શકે તેમ છે. ઈઝરાયેલ મુદ્દે પણ વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. અમેરિકા ઈઝરાયેલના સમર્થનમાં ખુલ્લેઆમ ઉતરી આવ્યું છે.

આ સિવાય ફ્રાન્સ, બ્રિટન, ઈટલી વગેરે દેશોનું પણ ઈઝરાયેલને સમર્થન છે. જ્યારે લેબેનોનના હિઝબુલ્લા તથા યમનના હૂથીએ હમાસના સમર્થનમાં હુમલાઓ શરૂ કરી દીધા હતા. આ ઉપરાંત ઈરાને કરેલા ઈઝરાયેલ પરના હુમલા બાદ તો આ સ્થિતિ વધુ વણસી ગઈ છે. આમ, ઈઝરાયેલ–હમાસ સંઘર્ષમાં હાલ સમગ્ર વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું છે.

બીજી તરફ રશિયા, ચીન, ઈરાન, તુર્કી વગેરે જેવા દેશો હાલના 'World Order' થી સંતુષ્ટ નથી. તેઓ વારંવાર એવા આરોપો લગાવતા રહે છે કે, હાલનું 'World Order' પશ્ચિમના દેશોનાં હિતોને જ ધ્યાનમાં રાખે છે, માટે હાલ વિશ્વને નવા 'World Order' ની જરૂર છે, અને હાલમાં આ દેશો તે દિશામાં કામ કરી રહ્યાં છે. રશિયા પૂર્વી યુરોપમાં અમેરિકાની દખલથી અકળાયેલું છે. ચીનને તાઈવાન અને દક્ષિણ ચીન સાગરમાં અમેરિકાની ઉપસ્થિતિ ધોળા ધરમેય ખપતી નથી. તો તુર્કી એકવાર ફરી ઓસ્માનિયા સલ્તનતનો વિસ્તાર કરવાના સ્વપ્નો જોઈ રહયું છે. આમ, પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ પહેલાંની જેમ હાલ પણ વિશ્વ સ્પષ્ટ રીતે બે ભાગમાં વિભાજિત થઈ ગયું છે.

અગાઉ ઓસ્ટ્રિયા અને સર્બિયાનું નાનું યુદ્ધ જોતજોતામાં વિશ્વયુદ્ધમાં પરિણમ્યું હતું. અને હવે સમગ્ર વિશ્વ જ્યારે સ્પષ્ટ રીતે બે ભાગમાં વહેંચાઈ ગયું છે ત્યારે ચિંતા એ છે કે, શું 'જંગ રસિયાઓ' દુનિયાને કયાંક ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ તો ધકેલી નહીં દે ને ???

અંતે, 'યુદ્ધસ્ય કથા રમ્યાઃ' એટલે કે યુદ્ધની માત્ર કથાઓ જ રમ્ય હોય છે, યુદ્ધ નહીં. આથી, આ સમયે રાજનીતિજ્ઞ, યુદ્ધમાં પારંગત છતાં વિશ્વને વિનાશમાંથી રોકવાની નેમવાળા ડિફેન્સ સર્વિસના નિષ્ણાતો તથા મુત્સદ્દીઓએ આગળ આવવું જોઈએ અને વિશ્વને આ સ્થિતિમાંથી બહાર કાઢવું જોઈએ

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26. વર્તમાન વૈશ્વિક સ્થિતિમાં ગાંધી વિચારની પ્રાસંગિકતા

**અથવા**

## ગાંધી વિચાર અને વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન

**અથવા**

## સાંપ્રત વિશ્વમાં ગાંધી વિચારની ઉપયોગીતા

મહાત્મા ગાંધીજી ભારતીય હતા, પરંતુ માત્ર ભારતના જ ન હોતા, સમગ્ર વિશ્વના હતા.... વિશ્વ માનવ હતા. મહાત્મા ગાંધીજી કોઈ ચોક્કસ કાળખંડના નહિ, પરંતુ યુગ પુરુષ હતા. તેમના વિચારો ક્ષણિક નહિ, પરંતુ શાશ્વત હતા. આથી, ગાંધી વિચાર પ્રાસંગિક હતા, છે અને હંમેશા રહેશે. કોઈએ સાચું જ કહ્યું છે કે,

> **"મૃત્યુના દાયકાઓ પછી જેમના વિશેની લોકોની જિજ્ઞાસા શમતી નથી અને જેમનું 'બજાર' કદી મંદીમાં આવતું નથી, એવી થોડી વૈશ્વિક હસ્તીઓમાં ગાંધીજીનું સ્થાન છે."**

# 02 વિચાર વિસ્તાર

**(આશરે 100 કે 100થી 150 શબ્દો) (10 માર્ક્સ)**

**વિચાર વિસ્તાર**
**એટલે**
**કોઈ પંક્તિ કે સૂક્તિમાં**
**ડૂબકી મારીને**
**તેમાંથી**
**અર્થરૂપી મોતીને**
**પ્રાપ્ત કરવાની કળા**

ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની મુખ્ય પરીક્ષામાં સમાન્ય રીતે 10 માર્ક્સના વિચાર વિસ્તાર પૂછાય છે. જેમાં તમારે આશરે 100 કે 100થી 150 શબ્દોમાં આપેલ કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિનો વિચાર વિસ્તાર કરવાનો હોય છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ✤ વિચાર વિસ્તારનું માળખું

### 1. પ્રારંભ

➤ વિચાર વિસ્તારના પ્રારંભમાં કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિનો સામાન્ય અર્થ એટલે કે તેનો ભાવાર્થ, મુખ્ય વિચાર, હાર્દ કે મર્મ લખવાનો હોય છે.

### 2. મધ્યભાગ/મુખ્યભાગ

➤ વિચાર વિસ્તારના પ્રારંભ બાદ તેના મધ્યભાગમાં આપેલ કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિના મુખ્ય વિચારને ક્રમ બદ્ધ રીતે સમજાવવાનો હોય છે. આ ભાગમાં કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિના અર્થ કે ભાવાર્થની સમજૂતી આપવામાં આવતી હોવાથી આ ભાગને વિચાર વિસ્તારના મુખ્યભાગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### 3. અંત

➤ મધ્યભાગમાં કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિનો વિચાર વિસ્તાર કર્યા બાદ અંતે એ પંક્તિ કે સૂક્તિમાંથી મળતો બોધપાઠ સારાંશ તરીકે રજૂ કરવાનો હોય છે. અથવા તો પંક્તિનું તાત્પર્ય કે તેમાંથી ફલિત થતો અર્થ ટૂંકમાં, પરંતુ સ્પષ્ટ રીતે રજૂ કરવાનો હોય છે.

**6. ન્હોતી ખબર કે**
**જિંદગી**
**તું છો માત્ર ગણિત,**
**એક ડગલું ખોટું ને ખોટો જ આખો દાખલો,**
**ગણિતમાં તો એ ભૂંસી શકાય,**
**જિંદગીમાં એ ક્યાં...???**

**- મનસુખલાલ ઝવેરી**

આ પંક્તિમાં શ્રી મનસુખલાલ ઝવેરીએ ગણિતના ઉદાહરણથી માનવ જીવનની એક ખૂબ જ વરવી વાસ્તવિકતાને તદ્દન સરળ શબ્દોમાં સમજાવી છે.

મનુષ્ય જીવન ગણિત જેવું છે. ગણિતમાં જો કોઈ દાખલાના દરેક સ્ટેપ સાચા હોય તો જ સાચો જવાબ મળે છે. દાખલાનું એકાદ સ્ટેપ ખોટું હોય તો પણ સાચો જવાબ મળતો નથી અને આખો દાખલો ખોટો થઈ જાય છે. એ જ રીતે માણસે જીવનમાં દરેક ક્ષણને સારી રીતે જીવવી જરૂરી છે. જો જીવનમાં જાણતા–અજાણતા કોઈ નાનકડી પણ ભૂલ થઈ જાય તો જીવન નિરર્થક થઈ જાય છે. અહીં, મનુષ્ય જીવનની સૌથી વરવી વાસ્તવિકતા એ છે કે, ગણિતમાં જો કોઈ દાખલો ખોટો થઈ જાય તો તેને ભૂંસીને ફરીથી સાચો લખી શકાય છે. પરંતુ મનુષ્ય જીવનમાં જો કોઈ ભૂલ થઈ જાય તો એનું ફળ આખી જિંદગી ભોગવવું પડે છે. [illegible] આખી જિંદગી બરબાદ થઈ જાય છે. મનુષ્ય જીવનમાં ન કરવાની ભૂલ થઈ જાય તો તેને સુધારવાની તક મળતી નથી. અને એને [illegible] પોતાનું જીવન તો ખરાબ થઈ જ જાય છે... સાથે સાથે તેના પરિવારજનોનું જીવન પણ નર્ક સમાન થઈ જાય છે. ઉદાહરણ તરીકે [illegible]ના સટ્ટામાં દો[illegible] કરોડ હારી જતાં લેણદારોના ત્રાસથી પત્નીની આત્મહત્યા, ધોરણ 12ની પરીક્ષામાં પેપર સારું ન જ[illegible] પુત્રની આત્મહત્યાથી વ્યથિત માતાનો પણ આત્મહત્યાનો પ્રયાસ, જમીનના વિવાદમાં કાકા દ્વારા સગા ભત્રીજ[illegible] પર રેપના કેસમાં આજીવન કેદ વગેરે જેવા અનેક કિસ્સાઓ અવારનવાર બનતા રહે છે. જેની સજા વ્યક્તિ કે તેના પરિવારજનોએ આજીવન ભોગવવી પડે છે.

આથી, જીવનમાં ગમે તેવી વિપરિત પરિસ્થિતિ આવે તો એકાદ–બે દિવસ કદાચ ભૂખ્યા રહેવું પડે તો ભૂખ્યા રહી લેવાનું પસંદ કરવું, પરંતુ ક્ષણિક આવેશમાં આવીને કે પછી કોઈ અન્ય કારણોસર જીવનમાં એવી કોઈ ભૂલ તો ન જ કરવી જોઈએ કે જે કર્યા પછી આખી જિંદગી પછતાવું પડે.

**7. બારણું બંધ તો બારણું શાને ?**
**બારણું ખુલ્લું તોય બારણું શાને ?**
**બંધ કે ખુલ્લું બારણું શાને ?**
**કોઈ આવ-જા વિના ? કોઈ આવ-જો વિના ?**

**- પન્ના નાયક**

માનવ સમાજના જટિલ માનવીય સંબંધોને તદ્દન સરળ શબ્દોમાં વેધક રીતે વ્યક્ત કરવામાં માહેર કવિયિત્રી સુશ્રી પન્ના નાયકે આ પંક્તિમાં 'બારણા'ના દષ્ટાંત દ્વારા ભારતીય સંસ્કૃતિમાં આવેલા બહુ મોટા પરિવર્તનની વાત કરી છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 03 સંક્ષેપીકરણ (Precis Writing)

**(10 માર્ક્સ)**

સંક્ષેપને સંક્ષેપીકરણ કે સારાંશ લેખન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ટોપિકમાં તમારે આપેલ ગદ્યખંડ/પેરેગ્રાફ/ફકરાનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરવાનો હોય છે. એટલે કે જો 150 શબ્દોનો કોઈ ફકરો આપવામાં આવ્યો હોય તો, તે ફકરાનો તમારે આશરે 50 શબ્દોમાં સંક્ષેપ કરવાનો હોય છે. અને તેને યોગ્ય શીર્ષક આપવાનું હોય છે. સંક્ષેપનો મુખ્ય હેતુ ભાષામાં બિનજરૂરી લંબાણ ટાળીને ભાષાનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનો હોય છે.

➤ સંક્ષેપ લેખન કરતી વખતે સૌપ્રથમ તો ફકરાને એક બે વખત વાંચીને ફકરામાં શેના વિશે માહિતી આપવામાં આવી છે ? તે નક્કી કરીને ફકરા માટે યોગ્ય શીર્ષક પસંદ કરી લો. જોકે, શરૂઆતમાં તમે બે–ત્રણ કે ચાર શીર્ષક પણ પસંદ કરી શકો છો. ત્યારબાદ અંતે આ બધા શીર્ષકોમાંથી સૌથી શ્રેષ્ઠ શીર્ષકની પસંદગી કરી શકો છો.

➤ ટૂંકમાં, સૌપ્રથમ તો ફકરામાં શેના વિશે એટલે કે ઉદાહરણ તરીકે, મોર વિશે માહિતી આપવામાં આવી છે કે સુઘરી વિશે માહિતી આપવામાં આવી છે ? અથવા તો મોરના પીંછા વિશે કે સુઘરીના માળા વિશે માહિતી આપવામાં આવી છે તે નક્કી કરી લો અને તેને યોગ્ય શીર્ષક આપી દો.

➤ ત્યારબાદ ફકરામાં તમે જે શીર્ષક પસંદ કર્યુ તેમાં ખરેખર શેના વિશે શી માહિતી આપવામાં આવી છે તેને બરાબર સમજી લો.

➤ ફકરામાં શેના વિશે ? શી માહિતી આપવામાં આવી છે ? તેને બરાબર સમજી લીધા બાદ હવે ફકરાનો સંક્ષેપ કરો.

➤ ફકરાનો સંક્ષેપ કરતી વખતે સૌપ્રથમ તો વધારાની માહિતી, ઉદાહરણ, અલંકાર, કહેવત, વિશેષણ વગેરેને કાઢી નાખો.

➤ ત્યારબાદ વધેલી અગત્યની માહિતીને અલગ તારવી તેનો સારાંશ ટૂંકાણમાં, શકય હોય ત્યાં સુધી તમારા શબ્દોમાં લખી લો.

➤ ફકરાનો સારાંશ કરતી વખતે સરળતા માટે તમે ફકરાને બે–ત્રણ કે ચાર ભાગમાં ડિવાઈડ પણ કરી શકો છો.

➤ ફકરાનો પ્રોપર સંક્ષેપ થાય તે માટે પહેલા રફ સંક્ષેપ કરીને પછી તેને મઠારીને ફાઈનલ સંક્ષેપ લખવો.

➤ તમે કરેલા સંક્ષેપમાં તમારું દરેક વાકય તેના પછીના બીજા વાકય સાથે યોગ્ય રીતે જોડાયેલું હોવું જોઈએ. આ માટે તમે – અને, આથી, પરંતુ, કેમ કે, જોકે, જેમ કે, આમ, આમ છતાં વગેરે જેવા સંયોજકો કે શબ્દોનો જ્યાં જરૂર હોય ત્યાં પ્રયોગ કરી શકો છો.

### ✤ ફકરાનો સંક્ષેપ કરતી વખતે -

1. અગત્યની માહિતી રહી ન જવી જોઈએ.
2. વધારાની માહિતી આવી ન જવી જોઈએ.
3. તમારા તરફથી નવી કે વધારાની માહિતી એડ ન થવી જોઈએ.
4. તમારી ભાષામાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરતી વખતે અર્થનો અનર્થ ન થવો જોઈએ.
5. કયારેક ફકરાના શબ્દો ખૂબ જ અઘરા હોય તો તમારા શબ્દોમાં સંક્ષેપ કરવાને બદલે ફકરાના મૂળ શબ્દોનો પ્રયોગ કરી શકાય.

DEMO COPY

ઊઠે. ગીતા એ આદર્શ ગ્રંથ છે. એનો એવો અર્થ નથી કે એ વાસ્તવિકતાથી ઊફરો ચાલે છે. હકીકતમાં જ્યારે કોરી અને નકરી વાસ્તવિકતા આપણને ભીંસમાં લે ત્યારે મનની વાસ્તવિક અવસ્થા કેવી હોવી જોઈએ એનો અણસારો ગીતામાં મળે છે. ગીતા એ મનુષ્યના મનનું કાવ્યમય માનસશાસ્ત્ર છે. 'હરખશોકની હેડકી' અનુભવતા મનને કઈ રીતે કેળવવું જોઈએ એની એ પ્રયોગશાળા છે.

પૃષ્ઠ. 32-33, ભગવદ્ગીતા એટલે... I - સુરેશ દલાલ (દ્વિતીય ઈ-સંસ્કરણ)

**જવાબ :**

**મનુષ્યજીવનની આચારસંહિતા**

ગીતાના વિવિધ અધ્યાયો જીવન જીવવાની કળાનું જ્ઞાન આપે છે. તેમાં જીવનમાં આવતી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે પણ મનને કઈ રીતે સ્થિર (શાંત) રાખવું તેનું જ્ઞાન છે. આપણા આખા જીવનમાં જો ગીતાનો ફક્ત એકાદો શ્લોક પણ આચરણમાં મુકાઈ જાય તો દુન્યવી શોકમાંથી મુક્ત થઈ જવાય. ગીતા મનુષ્યજીવનની આચારસંહિતા છે. તે મનુષ્યને કપરામાં કપરી વિપરીત સ્થિતિમાં કે પછી ખૂબ જ હર્ષની સ્થિતિમાં, માણસની મનઃસ્થિતિ કેવી હોવી જોઈએ તેનું જ્ઞાન આપે છે.

## 6. નીચે આપેલ ગદ્યખંડનો (161 શબ્દો) આશરે 1/3 ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.

યંત્રોની સોબતથી હૃદયની સંવેદનશીલતા હણાતી જાય છે. હૃદય સંવેદનશીલ હોય છે. બુદ્ધિ વિચારશીલ હોય છે. કોઈ કામ રોજ એકસરખી રીતે કરાતું રહે તો પણ સંવેદનશીલતામાં ઓટ આવે છે.

મોટર, સ્કૂટર, રિક્ષા, ટ્રેક્ટર જેવા યાંત્રિક સાધનોને બદલે, માણસ [illegible] બળદ – ગાડાં, ઘોડા, હળ વગેરે સાથે જીવતો હતો ત્યારે એ સજીવ સૃષ્ટિની અસર સાથે તેનાં સુખ–દુઃખનો વિચાર રહેતો [illegible] સંવેદના માણસના જીવનના ભાગરૂપ હતી. એથી પોતાનું જીવન પણ જીવંત રહેતું. સહજ રીતે વિચારનો વિસ્તાર સધાતો હતો.

સંવેદનશીલતા તો આપણી જીવન મૂડી [illegible] ભોગે જળવવી જોઈએ. અને તેનાથી જ વિવિધ લલિત કળાઓ – સાહિત્ય–સંગીત–સ્થાપત્ય–શિલ્પ–ચિત્રકળા [illegible] અને અનુભવવાની દષ્ટિનો વિકાસ થાય છે. એના ફળરૂપે સ્વયંની દષ્ટિમાં સુક્ષ્મતા આવે છે.

બીજાના દુઃખ જોઈ દિલ દ્રવે તે સંવેદના કહેવાય. આ સંવેદનાને ગુમાવવાની અણી પર આપણે આવી ઊભા છીએ. હૃદયને આવી સંવેદનાઓથી છલોછલ ઊભરાવવા માટે આપણે પ્રકૃતિની નજીક રહીએ. પશુ–પક્ષી–વૃક્ષ–વેલી–સૂર્ય–ચંદ્ર–તારા–બાળકોની સૃષ્ટિમાં વધુ વિહરીએ, તેમાં મન પરોવીને રસ લઈએ તો આપણું હૃદય સંવેદનશીલતાથી ધબકતું રહેશે.

પૃષ્ઠ. 24, હૈયાનો હોંકારો I પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજશ્રી

**જવાબ :**

**હૃદયની સંવેદનશીલતા**

**અથવા**

**સંવેદનશીલતા આપણી જીવન મૂડી**

**અથવા**

**સંવેદનશીલતાથી ધબકતા રહીએ**

યંત્રો સાથેનું યાંત્રિક જીવન જીવવાથી આજે મનુષ્યના હૃદયની સંવેદનશીલતા ઓછી થતી જાય છે. સંવેદનશીલતા એ તો આપણી જીવન મૂડી છે. તેને કોઈપણ ભોગે જાળવી રાખવી જોઈએ. આજે આપણે બીજાનું દુઃખ જોઈને પોતે દુઃખી થઈ જઈએ એવી સંવેદના ગુમાવવાની કગાર પર આવીને ઉભા છીએ. જો આપણે પ્રકૃતિની નજીક જઈને તેમાં તરબોળ થઈ જશું તો આપણે સંવેદનશીલતાથી ધબકતા રહીશું.

# 04 ગદ્યસમીક્ષા/ગદ્યાર્થગ્રહણ (Comprehension)

**(10 માર્ક્સ)**

ગદ્યસમીક્ષાને ગદ્યાર્થગ્રહણ કે પરિચ્છેદના આકલન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ટોપિકમાં આપેલા ગદ્યખંડ/પેરેગ્રાફ/ફકરા પરથી તેની નીચે આપવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. આ ટોપિકનો મુખ્ય હેતુ વિદ્યાર્થીની સમજણ શક્તિની ચકાસણી કરવાનો હોય છે.

✤ **આ ટોપિકમાં ગદ્યખંડને આધારે ત્રણ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે :**

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. એવા પ્રશ્નો કે જેના જવાબ સીધે સીધા જ ગદ્યખંડમાં આપવામાં આવ્યા હોય છે. આવા પ્રશ્નોના જવાબ તદ્દન સરળ હોય છે.
2. એવા પ્રશ્નો કે જેના જવાબ ગદ્યખંડમાં પ્રત્યક્ષ રીતે આપવામાં આવ્યા ન હોય, પરંતુ હાર્દ સ્વરૂપે પરોક્ષ રીતે આપવામાં આવ્યા હોય છે. આવા પ્રશ્નોના જવાબ પ્રમાણમાં અઘરા હોય છે.
3. એવા પ્રશ્નો કે જેનો પ્રત્યક્ષ કે પરોક્ષ જવાબ ગદ્યખંડમાં હોય જ નહીં. આવા પ્રશ્નોના જવાબ તમારે તમારી રીતે આપવાના હોય છે. આવા પ્રશ્નોના જવાબ ખૂબ જ અઘરા હોય છે. અત્યાર સુધી તમે શું શીખીને આવ્યા છો તેની ચકાસણી કરવા માટે આવા પ્રશ્નો પૂછવામાં આવે છે.

નોંધ : દરેક ગદ્યખંડમાં ઉપરોક્ત ત્રણેય પ્રકારના પ્રશ્નો હોય એવું જરૂરી નથી. ક્યારેક ગદ્યખંડ સરળ હોય તો જેના જવાબ સીધે સીધા ગદ્યખંડમાં હોય એવા જ પ્રશ્નો પૂછવામાં આવે છે.

✤ **ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

1. ફકરામાં પશ્નોના જવાબ ક્રમ બદ્ધ હોય એવું જરૂરી નથી. પહેલા પ્રશ્નનો જવાબ ફકરામાં છેલ્લે હોય અને છેલ્લા પ્રશ્નનો જવાબ ફકરાની શરૂઆતમાં હોય એવું પણ બની શકે.
2. પ્રશ્નોના જવાબ તમારે તમારા શબ્દોમાં, તમારી આગવી શૈલીમાં આપવાના હોય છે.
3. દરેક પ્રશ્નના જવાબ સ્પષ્ટ, ટૂંકાણમાં અને માગ્યા મુજબ જ આપવા. તેમાં ફકરામાંથી વધારાની માહિતી ન આપવી.
4. જે પ્રશ્નનો જવાબ ફકરામાં જ હોય, તેવા પ્રશ્નનો જવાબ આપતી વખતે તમારા તરફથી કોઈ વધારાની માહિતી ન ઉમેરવી.
5. જે પ્રશ્નનો જવાબ ફકરામાં ન હોય તેવા પ્રશ્નનો જવાબ તમારી સમજણ શક્તિને આધારે મૌલિક રીતે આપવો.

## ગદ્યસમીક્ષા / ગદ્યાર્થગ્રહણ

**1. નીચે આપેલા ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો (2 ગુણ × 5 પ્રશ્નો) (10 ગુણ)**

વૃન્દાવનમાં, યમુનાને કિનારે બેઠા બેઠા સનાતન ઋષિ પ્રભુનામ રટી રહ્યા હતા. એ વખતે એક કંગાળ બ્રાહ્મણે આવીને ઋષિજીને ચરણે પ્રણામ કર્યા.

**Q.2. પ્રગતિ સાધવાના પ્રયત્નોની સફળતા લેખકની નજરે શેમાં રહેલી છે ?**

**જવાબ.** લેખકના મતે આર્થિક કે સામાજિક પ્રગતિ કરવા માટે ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તો પણ જ્યાં સુધી લોકોમાં સંસ્કારોનું સિંચન કરવામાં નહિ આવે ત્યાં સુધી પ્રગતિ સાધવાના પ્રયત્નોમાં કોઈ જ લાભ થવાનો નથી. આથી, પ્રગતિ સાધવાના પ્રયત્નોની સફળતા લોકમાનસને સંસ્કારી બનાવવામાં જ છે.

**Q.3. સમાજમાં આવી રહેલાં પરિવર્તનો વિશે લેખક કયાં નિરીક્ષણો આપે છે ?**

**જવાબ.** લેખકના મતે સમાજમાં નીચે પ્રમાણે પરિવર્તનો આવી રહયાં છે :

- ➤ સમાજમાં કૌટુંબિક ભાવના ઓછી થતી જાય છે.
- ➤ વ્યકિત સ્વાતંત્ર્યને નામે સ્વૈરભાવ (પોતાની મરજી મુજબ વર્તવાનો ભાવ) વધતો જાય છે.
- ➤ જીવનનાં મૂલ્યાંકનો વધુને વધુ આર્થિક તથા સ્વાર્થી થતાં જાય છે.
- ➤ માનસિક વિહવળતા વધતી જાય છે.
- ➤ જીવનની ગંભીરતા ઓછી થતી જાય છે. અને તેની હળવી બાજુનું આકર્ષણ વધતું જાય છે.
- ➤ સમાજમાં અસામાજિક વૃત્તિ પણ વધતી જાય છે.

**Q.4. લેખકના મતે સાહિત્યની સામાજિક જવાબદારી કઈ છે ?**

**જવાબ.** લેખકના મતે, લોકોનું જીવન સુધારવા માનવ સમાજમાં પ્રવર્તતા અનિષ્ટો પ્રત્યે લાલબત્તી ધરીને એ અંગે લોકજાગૃતિ કેળવી, માનવ સમાજને એ અનિષ્ટ તત્ત્વોમાંથી મુક્ત કરાવવા; એ સાહિત્યની મુખ્ય સામાજિક જવાબદારી છે.

**Q.5. લેખકે સાહિત્ય વિશેના કયા ભ્રમનું નિરસન કર્યું છે ?**

**જવાબ.** માત્ર કવિતા, નવલકથા કે નાટકોની જ રચના કરવી એમાં જ સાહિત્યક્ષેત્ર સમાઈ જાય છે એ ભ્રમનું લેખકે નિરસન કર્યું છે.

---

## 4. નીચે આપેલા ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો (2 ગુણ ✘ 5 પ્રશ્નો) (10 ગુણ)

---

'સાબરમતી એ ઉત્તર ગુજરાતની અંબા છે. એના નીરમાં મહી નદીનું ગાંભીર્ય કે નર્મદાની રૌદ્રતા નથી. નર્મદાની આમન્યા પાળવી જ પડે; મહીનું માન રાખવું જ જોઈએ; પણ સાબરમતીને તો મન મોકળું મૂકી મળવા દોડાય એવી સરળ હૃદયની એ સહચરી છે. એનાં નીર આમથી તેમ ઓળંગી શકાય, એમાં છબછબિયાં કરી શકાય એના પાણી ડહોળતાં ડહોળતાં લાંબે સુધી જઈ શકાય, એમાં યથેચ્છ નાહી શકાય; અને છતાં એ નાનીસૂની નદી નથી. મહી, તાપી અને નર્મદાની લગભગ સાથે જ બેસી શકે એવી સાબર એ પણ ગુજરાતની મહાનદી છે. ચોમાસાના ચાર માસમાં અજગરની પેઠે આડી પડેલી ગાંડી સાબરને જેણે જોઈ હોય, સામસામાના આરાના ગામ લોકોને હાથ હલાવી હલાવીને સંજ્ઞા કરતા અને છતાં દિવસો સુધી મળી ન શકતા જેણે દીઠા હોય, પૂર મોળાં પડયા પછી પણ ડરતાં ડરતાં તરાપા કે ગોળી પર એનાં નીર જેણે ઓળંગ્યાં હોય એને મન ભાગ્યે જ શંકા રહે કે સાબર એ મહાનદી છે. છતાં સાબરનું સાચું મહત્ત્વ તો એના હંમેશના હૃદયમાર્દવમાં છે. વર્ષા વિત્યા બાદ શરદ ઋતુમાં કેડથી પણ વધારે પાણીમાં રેતીના કણ ગણી લઈએ એવી સાબરની નિર્મળતા જોયા પછી જ એનું સૌન્દર્ય હાડોહાડ ઊતરી જાય.

**- ('સરિતાઓના સાંનિધ્યમાં' I લે. રામપ્રસાદ મો. શુક્લ I માંથી સાભાર)**

મિત્રો,

સહિયારી સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત કરવા માટે, આપણે સૌથી પહેલાં વધુ નબળા લોકોને ટેકો આપવો જોઈએ. ઉદાહરણ તરીકે, વિકાસશીલ રાજ્યોમાં નાના ટાપુ આપત્તિઓનું ઊંચું જોખમ ધરાવે છે. સી.ડી.આર.આઈ.નો એક પ્રોગ્રામ છે જે આવા 13 સ્થળોએ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડે છે. ડોમિનિકામાં સ્થિતિસ્થાપક આવાસો, પાપુઆ ન્યૂ ગિનીમાં સ્થિતિસ્થાપક પરિવહન નેટવર્ક અને ડોમિનિકન રિપબ્લિક અને ફિજીમાં એન્હાન્સ્ડ અર્લી વોર્નિંગ સિસ્ટમ તેના ઉદાહરણો છે. તે આનંદકારક છે કે સી.ડી.આર.આઈ.નું ગ્લોબલ સાઉથ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મિત્રો,

ભારતના જી–20 પ્રેસિડેન્સી દરમિયાન એક મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું હતું. ચર્ચાના કેન્દ્રમાં નાણાકીય જરૂરિયાતની સાથે એક નવું ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન વર્કિંગ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું. સી.ડી.આર.આઈ.ના વિકાસની સાથે–સાથે આ પ્રકારનાં પગલાં દુનિયાને સ્થિતિસ્થાપક ભવિષ્ય તરફ લઈ જશે. મને ખાતરી છે કે આગામી બે દિવસ સી.ડી.આર.આઈ.માં ફળદાયી ચર્ચા વિચારણા જોવા મળશે.

આભાર.

તમારો ખૂબ ખૂબ આભાર!

---

**04. ભારતીય રિઝર્વ બેંક (RBI)ના 90 વર્ષ પૂર્ણ થયા છે. આ પ્રસંગની ઉજવણી માટે મહારાષ્ટ્રના મુંબઈ ખાતે RBI@90 નામના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાષણ આપવા માટે RBIના ગવર્નરશ્રીનું વક્તવ્ય તૈયાર કરો.**

---

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુંબઈમાં RBI@90ના ઉદ્‌ઘાટન સમારોહમાં RBIના ગવર્નરશ્રીનું વક્તવ્ય

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી, મહારાષ્ટ્રના ગવર્નર શ્રી રમેશ બૈસજી, મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેજી, નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજી તથા અન્ય રાજકીય મહાનુભાવો, ભારતીય રિઝર્વ બેંકના મહાનુભાવો, અધિકારીઓ અને કર્મચારીઓ, મહિલાઓ અને સજ્જનો,

આજે ભારતીય રિઝર્વ બેંક એક ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી છે. આર.બી.આઈ.એ 90 વર્ષ પૂર્ણ કર્યા છે. આર.બી.આઈ. એક સંસ્થા તરીકે આઝાદી પૂર્વે અને સ્વતંત્રતા પછીના બંને સમયગાળાની સાક્ષી છે. આજે, RBI તેની વ્યવસાયિકતા અને પ્રતિબદ્ધતાને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. RBIની સ્થાપનાના 90 વર્ષ પૂર્ણ થવા પર હું તમને તથા ભારતીય રિઝર્વ બેંકના તમામ કર્મચારીઓ અને અધિકારીઓને અભિનંદન આપું છું.

મિત્રો,

એક નિયમનકાર તરીકે, આર.બી.આઈ.એ બેંકિંગ ક્ષેત્રમાં નિયમ આધારિત શિસ્ત અને નાણાકીય રીતે વિવેકપૂર્ણ વ્યવહાર સુનિશ્ચિત કર્યો છે. તેના 90 વર્ષના ઈતિહાસમાં RBI દ્વારા અનેક મહત્ત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે.

**02. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે એક કોમન પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતું ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીનું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો.**

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**
**શિક્ષણ વિભાગ,**
**ગુજરાત સરકાર**

**-: અખબારી યાદી :-**

**GCAS : ગુજરાતની 15 સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ માટેનું પ્લેટફોર્મ**

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તાબા હેઠળની 15 સરકારી યુનિવર્સિટી અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં અન્ડર ગ્રેજ્યુએશન (સ્નાતક), પોસ્ટ ગ્રેજ્યુએશન (અનુસ્નાતક) અને પીએચ.ડી. કક્ષાના ડિગ્રી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2024-25માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ પોર્ટલ –જીકેસ' (GCAS)ની રચના કરવામાં આવેલ છે.

રાજ્યની યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં રેગ્યુલર અને એક્સટર્નલ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટે શૈક્ષણિક વર્ષ 2024-25 માટે gcas.gujgov.edu.in પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

GCAS પોર્ટલ પર દર્શાવેલ કોર્સિસની પસંદગી કરી, પ્રવેશપ્રક્રિયા માટે રજિસ્ટ્રેશન કરાવવા માટેનું અનિવાર્ય પ્લેટફોર્મ છે.

GCAS પોર્ટલ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન અને એકથી વધુ યુનિવર્સિટી, કોલેજ તથા અભ્યાસક્રમો માટે પ્રવેશ અરજી કરવાની સુવિધા પૂરી પાડે છે.

રજિસ્ટ્રેશન પછી પ્રવેશ પ્રક્રિયાની તમામ કાર્યવાહી વિદ્યાર્થીએ પસંદ કરેલી યુનિવર્સિટીના નિયમાનુસાર થશે.

GCAS પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં ઉપલબ્ધ છે.

પ્રવેશ અરજી કરવાની પ્રક્રિયા વિશે વધુ માહિતી મેળવવા માટે gcas.gujgov.edu.in/Content/general-instructions-196 ઉપર ક્લિક કરવું અથવા gcas.gujgov.edu.in પોર્ટલની મુલાકાત લેવી.

વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન સંબંધિત કોઈ પણ પ્રકારની સહાય મેળવવા માટે પોતાની નજીકની સરકારી કે અનુદાનિત કોલેજ તથા યુનિવર્સિટીના હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે. રાજ્યમાં ઉપલબ્ધ તમામ હેલ્પ સેન્ટરની માહિતી GCAS પોર્ટલ પર ઉપલબ્ધ છે.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઔપચારિક પત્રનું માળખું

પત્રલખનારનું પૂરુંનામ
સોસાયટી / શેરીનું નામ
ગામ / શહેરનું નામ
તાલુકાનું નામ
જિલ્લો, પીન કોડ નં.
તારીખ :

પ્રતિ,
અધિકારીનું પદ કે હોદ્દો
સંસ્થાનું નામ
ટૂંકું સરનામું

**વિષય : ......................................**

(માનનીય / આદરણીય સાહેબ શ્રી)........................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

મુ[illegible] વિગત........................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

................................................................................................................

..............................

આભાર .

લિ.
આપનો વિશ્વાસુ
ત.થ.ન.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6. તમારી બહેનને વડાપ્રધાનના હસ્તે 'નેશનલ ક્રિએટર્સ એવોર્ડ 2024' એનાયત થયો છે. આ અંગે અભિનંદન આપતો પત્ર તમારી બહેનને લખો.**

ત.થ.ન.
ટોરોન્ટો,
પ્રોવિન્સ : ઓન્ટારિયો
કેનેડા.
તા. 13 માર્ચ, 2024

વ્હાલી દીદી,

નમસ્કારમ્
પ્રણામ
વંદન.

સૌથી પહેલા તો તમને ખૂબ.... ખૂબ.... ખૂબ...... ખૂબ...... ખૂબ ...... ખૂબ અભિનંદન ...... Congratulations. ઈન્ડિયામાં સેન્ટ્રલ ગવર્નમેન્ટ દ્વારા ડિજિટલ કન્ટેન્ટ ક્રિયેટરને સન્માનિત કરવા માટે **'નેશનલ ક્રિએટર્સ એવોર્ડ 2024'**ની જાહેરાત કરવામાં આવી ત્યારે મને, મમ્મીને કે પપ્પાને સ્વપ્નેય ખ્યાલ ન્હોતો કે આ એવોર્ડના વિજેતાઓમાં મારું પણ નામ હશે.

DEMO COPY

પરંતુ, ફાઈનલી જ્યારે આ એવોર્ડ વિજેતાઓના નામની જાહેરાત થઈ ત્યારે તેમાં તમારું નામ જોઈને પપ્પાએ, મમ્મીને વાત કરી અને તરત જ મમ્મીએ મને ફોન કર્યો..... એ સમયે મમ્મી જેટલા ખુશ હતા એટલી તો મને કેનડામાં સ્ટડી માટે વિઝા મળ્યા ત્યારે પણ ન હતી...... પપ્પા પણ ખૂબ જ ખુશ હતા. તે સમયે ફોન પર મેં આ એવોર્ડ સેરેમની માં હાજર રહીને તમને સરપ્રાઈઝ આપવાની ઈચ્છા મમ્મી–પપ્પાને મેં વ્યકત કરી હતી. આ સાંભળીને તેઓ પણ ખુશ થઈ ગયા હતા.

પરંતુ અફસોસ કે, મારી એક્ઝામને કારણે હું ઈન્ડિયા ન આવી શકયો અને આ અણમોલ ક્ષણને મારે TV પર જ નિહાળવી પડી....... આ સમયે મને સ્ટડી માટે કેનેડા આવવાનો ખૂબ જ અફસોસ થયો.

ખેર.... જવા દો એ વાતને..... પણ તમે જ્યારે એવોર્ડ લેવા માટે મોદી અંકલ પાસે ગયા અને તમે ઝુકીને મોદી અંકલના ચરણોમાં વંદન કર્યા ત્યારે.... સામે મોદી અંકલે પણ ઝુકીને તમને હાથથી ત્રણ વખત વંદન કર્યા.... એ દૃશ્ય જોઈને મને ખૂબ જ હસવું આવ્યું .... પરંતુ જ્યારે મારું હાસ્ય શાંત થયું ત્યારે મનમાં એક જ ભાવ હતો.... ''દેશ કા પ્રાઈમ મિનિસ્ટર હો તો ઐસા !!!'' અને હા,એ સમયે યલો ગોલ્ડન સાડીમાં દીદી તમે પણ સ્ટેજ પર ખૂબ જ સુંદર લાગતા હતા. આમ પણ 'ઈન્ડિયન ટ્રેડિશનલ વુમન' શબ્દ જ્યારે જ્યારે પણ મારા મનમાં આવે છે, ત્યારે દરેક વખતે 'મારી દીદી'નો ચહેરો જ મારી નજર સમક્ષ આવે છે.

ભારતના પરંપરાગત વસ્ત્રો તેમજ ભારતની પરંપરાગત વેશભૂષાને પ્રમોટ કરવા માટે તમે, મમ્મીએ અને પપ્પાએ જે પ્રયાસ કર્યો હતો તેનો રિવોર્ડ તો તમને મળી ગયો.... પણ મારી પાર્ટીનું શું ... ? .... મારી પાર્ટી યાદ છે ને....? ઈન્ડિયા આવીને પહેલું કામ હું તમારી પાસેથી પાર્ટી લેવાનું જ કરીશ......

લિ.
તમારો લાડલો
ત.થ.ન.

(આશરે 150 શબ્દો) (10 ગુણ)



2. ભારતના રાજ્યોમાં વિધાનસભાની કુલ બે[illegible]લા ધારાસભ્યોની સંખ્યા નીચે આપેલ છે. આ આલેખનો અભ્યાસ કરી તમારાં નિરીક્ષણો આપો.

(આશરે 150 શબ્દો) (10 ગુણ)




DEMO COPY

**have not been conducted in the closet, but in the open; and I do not think that this fact detracts from their spiritual value. There are some things which are known only to oneself and one's Maker. These are clearly incommunicable. The experiments I am about to relate are not such. But they are spiritual or rather moral; for the essence of religion is morality.**

**If I had only to discuss academic principles. I should clearly not attempt an autobiography. But my purpose being to give an account of various practical applications of these principles, I have given the chapters I propose to write the title of The Story of My Experiments with Truth. These will of course include experiments with non-violence, celibacy and other principles of conduct believed to be distinct from truth. But for me, truth is the sovereign principle, which includes numerous other principles. This truth is not only truthfulness in word, but truthfulness in thought also, and not only the relative truth of our conception, but the Absolute Truth, the Eternal Principle, that is God.**

## 27. નીચેના ફકરાનો અનુવાદ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં કરો.

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**The world has been totally transformed because of optical fiber communication. The telephone system has been overhauled and international long distance calls have become easily affordable. Brand new mega-industries in fiber optics including cable manufacturing and equipment, optical devices, network systems and equipment have been created. Hundreds of millions of kilometers of glass fiber cables have been laid, in the ground and in the ocean, creating an intricate web of connectivity that is the foundation of the World Wide Web. The Internet is now more pervasive than the telephone used to be. We browse, we search, we hold net conferences, we blog, we watch videos, we shop, we socialize online. The information revolution that started in the 1990s could not have happened without optical fibers. Over the last few years, fibers have been laid all the way to our homes. All-optical networks that are environmentally green are being contemplated. The revolution in optical fiber communication has not ended - it might still just be at the beginning.**

**- Excerpt from Nobel Lecture by Charles K. Kao**

# આ પુસ્તકની વિશેષતા

- ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાની મુખ્ય પરીક્ષામાં ગુજરાતી ભાષાની તૈયારી ફક્ત એક જ પુસ્તક દ્વારા
- Mains પરીક્ષામાં હાઈસ્કોર માટે પ્રેક્ટિસ ખૂબ જ જરૂરી હોવાથી, તમામ ટોપિકના અંતે અગાઉની સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોનો સમાવેશ
- ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં નિશ્ચિત સફળતા માટે અત્યંત ઉપયોગી
- ગુજરાતી ભાષાના તમામ ટોપિકની તદ્દન સરળ સમજૂતી
- ગુજરાત, ભારત અને વિશ્વના વર્તમાનપ્રવાહો પર આધારિત પરીક્ષાલક્ષી સંભવિત નિબંધોનો સમાવેશ
- નવી પરીક્ષા પદ્ધતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી પત્ર તથા અહેવાલની પસંદગી
- નિબંધ, વિચાર વિસ્તાર, સંક્ષેપ, ગદ્યસમીક્ષા, અહેવાલ, ઔપચારિક ભાષણ, પ્રચાર માધ્યમો માટે નિવેદન, પત્ર, ચર્ચાપત્ર, દૃશ્ય આલેખન, સંવાદ, ભાષાંતર એમ તમામ ટોપિકની સંપૂર્ણ માહિતી
- ગુજરાતી ભાષાના તમામ ટોપિકમાં હાઈસ્કોર કરવા માટે જરૂરી માર્ગદર્શન

DEMO COPY




સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ

સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ

નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર

સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ

તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

LIVE + RECORDED BATCHES

Download our **ICEONLINE** App

Google Play | Download on the App Store

93773-01110
(10:00am to 6:00pm)